મે. રાજકોટના ૨૦ મા અધિક સિની.સિવીલ જજ અને અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

ક્રીમી. કેસ નં.–૧૫૭૨૫ / ૨૦૨૩
આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – હરેશ મનસુખ દેશાણી
રહે.–રાજકોટ

ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૬.૧.બી.મુજબ...

–ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબના પ્રોહી.૬૬.૧.બી ના કાયદાના ગુનો કરેલ હતો. આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા ગુનાની ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપી, તહોમતનામુ ધડી, પ્લી નોંધવામા આવેલ હતી, આરોપીએ ગુનો કબુલ ન કરતા ટ્રાયલ ચાલુ કરવામા આવેલ હતી.

(૨) વિ.વ.શ્રીએ કરેલ દલીલ ધ્યાને રાખતા અને નોટીફીકેશન વંચાણે લેતા તે ગુના બાબતે આંક–૧ તળે હુકમ કરવામા આવેલ છે આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. ના.સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.સુખદેવ સિંધના પ્રસ્થાપીત સીધ્ધાંત મુજબ ટ્રાયલના કોઇ પણ તબક્કે આરોપી ગુનો કબુલ કરી શકે છે જેથી આરોપી સામે ફરીથી તહોમતનામુ ફરમાવ, ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમા ગુનાનો એકરાર કરી અને ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. વધુમા મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુંટુબના પડીલ વ્યકિત છીએ, અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના કરી તેનુ ધ્યાન રાખીશુ. અમારૂ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામા ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. આમ સદર કેસની હકિકત જોતા આરોપીની ઉંમર જોતા, આરોપીની શારીરિક અને આર્થીક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપીઓ ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// હુકમ ///

- આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની પ્રોહી.૬૬.૧.બી ના ગુનાઓના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.આરોપીને ગુનો કરવા બદલ રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે જો કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ હોય મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમો મુજબની નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૯/૩/૨૦૨૪ ની લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૯/૩/૨૦૨૪
સ્થળઃ રાજકોટ.

એમ.એમ.શેખ
૨૦ મા અધિક સિની.સિવીલ જજ અને
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,રાજકોટ.